# પ્રવીણસિંહ ચાવડાની વાર્તાઓમાં માનવીય સંવેદનનાં અનોખા પરિમાણો

પાયલ વિઠ્ઠલભાઈ ચૌહાણ

*પીએચ.ડી શોધછાત્ર, ગુજરાતી ભાષા – સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી,ભાવનગર*

*સરનામું– મુ. નોંઘણવદર, તા. પાલિતાણા, જી.ભાવનગર*

*doi.org/10.64643/IJIRTV12I8-191195-459*

***ટૂંકસાર (Abstract)***—અનુઆધુનિક સમયગાળામાં ગુજરાતી ટૂંકી વાર્તામાં વિષય, શૈલી અને સંવેદનાના સ્તરે નોંધપાત્ર પરિવર્તનો આવ્યાં છે. આ પરિવર્તનશીલ પરિપ્રેક્ષ્યમાં પ્રવીણસિંહ ચાવડા અનુઆધુનિક ગુજરાતી ટૂંકી વાર્તાના એક સંવેદનશીલ અને પ્રતિષ્ઠિત વાર્તાકાર તરીકે ઓળખાય છે. આ અભ્યાસનો વિસ્તાર પ્રવીણસિંહ ચાવડાના 'સુગંધિત પવન' (1998) અને 'શ્વેતા પૂજારણ' (2024) આ બે વાર્તાસંગ્રહોમાંથી પસંદ કરેલી વાર્તાઓમાં મુખ્યત્વે માનવસંબંધોના સંવેદનાત્મક પરિમાણો સુધી મર્યાદિત રાખવામાં આવ્યો છે. ખાસ કરીને સ્ત્રી-પુરુષના સંબંધો, દાંપત્યજીવન, માનવીય એકાંત, અપેક્ષા, સંઘર્ષ અને માનવહૃદયની આંતરિક નબળાઈઓ જેવા વિષયો પર કેન્દ્રિત વાર્તાઓને આ અભ્યાસના કેન્દ્રમાં રાખી છે. જેમાં માનવીય સંવેદનાઓનાં અવનવાં સ્તરો અને અનોખાં પરિમાણો ખૂલી રહ્યાં છે.

આ અભ્યાસના આધારે એવું સ્પષ્ટ રીતે તારવી શકાય છે કે પ્રવીણસિંહ ચાવડાની ટૂંકી વાર્તાઓ માનવીય સંવેદનાઓ અને સંબંધોની અત્યંત સૂક્ષ્મ અને ગહન અભિવ્યક્તિ રજૂ કરે છે. બંને વાર્તાસંગ્રહોમાંથી પસંદ કરેલી વાર્તાઓના વિશ્લેષણથી જણાય છે કે લેખક વાર્તાના કેન્દ્રમાં હંમેશા "માણસ, તેના સંબંધો અને તેનાં સંવેદનો" ને રાખે છે. આ વાર્તાઓમાંથી માનવસંબંધોનાં વિવિધ સ્વરૂપો-ખાસ કરીને સ્ત્રી-પુરુષ તથા દાંપત્યસંબંધો અને સમાજની દ્વિમુખી માનસિકતા સ્પષ્ટ રીતે ઉજાગર થાય છે. માનવસ્વભાવની આંતરિક નબળાઈઓ-અહંકાર, ખોટી હઠો, દેખાડાઓ અને ઉપેક્ષાની વૃત્તિઓ વાર્તાઓમાં કેવી કેવી રીતે જીવનસંઘર્ષનું મૂળ બને છે તે આ અભ્યાસ દ્વારા સ્પષ્ટ થાય છે, જે વાચકને પોતાના જ વર્તન પર વિચારવા પ્રેરે છે. તેમની વાર્તાઓમાં માનવસંબંધોના વિવિધ આયામો જોવા મળે છે. પ્રવીણસિંહ ચાવડા તેમની વાર્તાઓમાં માનવીય દુઃખ-સુખ, એકાંત, સંબંધો, અપેક્ષા અને જીવનસંઘર્ષને કઈ રીતે અને કેવી રીતે રજૂ કરે છે, એ આ અભ્યાસનો કેન્દ્રપ્રશ્ન છે. આ વાર્તાઓ અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં માનવસંવેદનાના સશક્ત અને અર્થસભર દસ્તાવેજરૂપે ઊભરી આવે છે. કારણ કે આ બધું જ મનુષ્યના સંવેદનોને સમજવા માટે મહત્ત્વનું બની રહે છે. માત્ર આઠદશ પાનાંના સંકુચિત આવાસમાં જ લેખક માનવીય અંધકાર અને જીવનસંઘર્ષનાં સૂક્ષ્મ પ્રતિરૂપોને થોડી ક્ષણ માટે પ્રકાશિત કરીને તેની ઊંડાણભરી અસર વાચક પર પ્રસ્થાપિત કરી લે છે, એ તમામ પાસાઓનું સુસંગત વિશ્લેષણ આ શોધપત્રમાં કરવામાં આવ્યું છે.

આ અભ્યાસ દ્વારા પ્રવીણસિંહ ચાવડાના વાર્તાસાહિત્યમાં પાત્રોના આંતરલોક, માનવીય સંવેદનાઓ અને જીવનસત્યની ઊંડી છાપને સમજવાનો, જોવાનો અને સુસંગત રીતે મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કર્યો છે. ટૂંકમાં, તેમની વાર્તાઓ માત્ર કથા કહેનારી નથી, પરંતુ માણસ-માણસ વચ્ચેના સંબંધો અને

**માણસના સંવેદનોને સમજવામાં મદદ કરે છે, એ બાબતને આ શોધપત્ર સ્પષ્ટ રીતે ઉજાગર કરે છે.**

**ચાવીરૂપ શબ્દો (keywords)—મનુષ્ય, સંવેદન, માનવીય(સ્ત્રી-પુરુષના)સંબંધો, જીવનસંઘર્ષ, આંતરિક વ્યથાઓ, મનુષ્યજીવનનાં પ્રશ્નો, માનવ સ્વભાવ**

## I. પરિચય (An Introduction)

જીવન સતત પરિવર્તનશીલ છે; તે ક્યારેય એક જ દિશામાં સ્થિર રહીને આગળ વધતું નથી. એ જ રીતે સાહિત્ય પણ એક જ પ્રકારની વિચારધારા કે અભિવ્યક્તિમાં બંધાઈ રહેતું નથી. સમય, સમાજ અને માનવીની ચેતનામાં થતા ફેરફારો સાથે સાહિત્યના પ્રવાહો અને શૈલીઓમાં પરિવર્તન આવતું રહે છે. 1985 પછી, ગુજરાતી વાર્તામાં નવા વિચારો અને નવી લેખનશૈલી દેખાવાં લાગે છે. તે સમયમાં એટલે કે, 1985 થી 2010 વચ્ચે અનેક વાર્તાકારોએ અલગ અલગ પ્રદેશો, સમાજપરિસ્થિતિઓ અને પોતપોતાની ભાષિક બોલીઓ અને તેમાંથી ઉદ્ભવતાં વિષયો અને સમસ્યાઓને કેન્દ્રમાં રાખીને વાર્તાલેખન કર્યું. અનુઆધુનિક યુગની વાર્તાઓમાં માનવમનની ગૂઢ ગૂંચવણો, આંતરિક એકાંત, સંબંધોમાં પડતી તિરાડો અને અસ્તિત્વ સંબંધિત પ્રશ્નો વિશેષ રૂપે પ્રગટ થાય છે. સમય સાથે બદલાતી માનવીય સંવેદનાઓ અને જીવનદૃષ્ટિ મુજબ ગુજરાતી ટૂંકી વાર્તાએ પણ અનેક વળાંકો લીધા છે અને પોતાની અભિવ્યક્તિના નવા રસ્તાઓ શોધ્યા છે. ત્યારે આવા સંદર્ભમાં પ્રવીણસિંહ ચાવડાએ ગુજરાતી સાહિત્યમાં કરેલું સર્જનાત્મક યોગદાન અવગણવું શક્ય નથી.

1996 - `97થી પ્રવીણસિંહ ચાવડાની વાર્તાઓ નિયમિત રીતે પ્રતિષ્ઠિત સામયિકોમાં છપાતી રહી છે. આ પ્રક્રિયા આજ સુધી સતત ચાલુ રહી છે. સ્વભાવથી શાંત અને અનોખું વ્યક્તિત્વ ધરાવતાં હોવાથી તેમની જીવનદૃષ્ટિનું પ્રતિબિંબ વાર્તાઓના પાત્રોમાં પણ સ્પષ્ટ રીતે ઝલકે છે. તેમનાં સ્વભાવમાં એવી સહજતા અને પ્રામાણિકતા વસેલી છે કે કોઈ પ્રયત્ન કર્યા વિના તેઓ સૌ સાથે સ્વાભાવિક રીતે જોડાઈ જાય છે. પ્રવીણસિંહમાં લેખન પ્રત્યેનો રસ બહુ નાની ઉંમરે માત્ર 8-9 વર્ષની બાળવયે જાગૃત થયો હતો અને તેમણે બાળપણથી જ લખવાનું શરૂ કર્યું હતું. તેમ છતાં, પોતાનાં સર્જનજીવનનો સાચો અને મહત્ત્વપૂર્ણ આરંભ તેઓ અંદાજે 1998ની આસપાસથી ગણે છે. આ સમયગાળાની પૂર્વે લખાયેલી વાર્તાઓને તેઓ પોતાના પરિપક્વ સાહિત્યિક કાર્યમાં સમાવતાં પણ નથી. પોતાના અંતરમનને મોજીલું રાખનાર સહજ, શબ્દપ્રેમી અને સંવેદનશીલ સાહિત્યસાધકોમાં પ્રવીણસિંહ ચાવડા મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પ્રવીણસિંહ ચાવડાના સતત અને સક્રિય વાર્તાલેખનના પરિણામે ગુજરાતી સાહિત્યને બાર વાર્તાસંગ્રહોની સમૃદ્ધ ભેટ પ્રાપ્ત થાય છે. જેમાં ‘સુગંધિત પવન’ (1998)થી આરંભ કરીને ‘નવું ઘર’ (1999), ‘નાટકપાત્રનો પ્રવેશ ’ (2001), ‘વનદેવતા’ (2002), ‘ત્રિમૂર્તિ’ (2004), ‘એક એવું ઘર મળે’ (2005), ‘ભજન નિર્ગુણી’ (2011), ‘નમ્રતાના સાહેબ’ (2012), ‘પવનકુમારી’ , ‘હઠીસિંગની સ્ત્રી’ (2017), ‘જૂની સિતારનો સોદો’ (2018) અને ‘શ્વેતા પૂજારણ’ (2024) સુધીનો વિસ્તૃત સર્જનક્રમ જોઈ શકાય છે. આ તમામ સંગ્રહોમાંથી બસોથી પણ વધુ વાર્તાઓનો વિશાળ અને મૂલ્યવાન ભંડાર

આપણા સાહિત્યને પ્રાપ્ત થયો છે. જે સંખ્યા અને ગુણવત્તા બંનેની દૃષ્ટિએ ધ્યાન ખેંચે છે.

II. સંદર્ભ (Context)

આ અભ્યાસની સીમાઓને ધ્યાનમાં રાખીને તૈયાર થયેલ આ શોધપત્રનો હેતુ પ્રવીણસિંહ ચાવડાના વાર્તાસર્જનમાં પ્રગટ થતી માનવીય સંવેદનાઓને સ્પષ્ટ અને સંવેદનાત્મક રીતે પ્રકાશિત કરવાનો છે. આ હેતુસર અહીં તેમના પ્રથમ વાર્તાસંગ્રહ 'સુગંધિત પવન' (1998) તેમજ 2024માં પ્રકાશિત થયેલ બારમો વાર્તાસંગ્રહ 'શ્વેતા પૂજારણ' માંથી પસંદ કરાયેલી વાર્તાઓનું સચોટ અને વિશ્લેષણાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે.

આ વાર્તાકારે માત્ર પુસ્તકો જ નહીં, પરંતુ ઊંડી અને સચેત દૃષ્ટિથી લોકોને પણ ભરપૂર રીતે વાંચ્યા છે. તેઓ વાર્તાના મૂળભૂત તત્ત્વ તરીકે "માણસ અને તેના સંબંધો " ને કેન્દ્રમાં મૂકે છે. તેમના મતે, "દરેક વાર્તાનું કેન્દ્ર માનવીય સંબંધોમાં જ છે, ભલે તે સગા-વ્હાલાંના સંબંધો હોય કે મિત્રતા અને પડોશીઓના, કે પછી રસ્તે મળેલા અજાણ્યા વ્યક્તિ સાથે સર્જાતા ક્ષણિક સંબંધોના. છતાં, ખાસ કરીને સ્ત્રી-પુરુષ સંબંધોને તેઓ સૌથી વધુ જટિલ અને સંકુલ સ્વરૂપે રજૂ કરે છે" . (ત્રિવેદી, હર્ષદ. ટૂંકીવાર્તા અને હું - વાર્તાકારોની કેફિયત, પૃષ્ઠ - 149) જે રીતે તેમની અનેક વાર્તાઓમાં માનવસંબંધોના વિવિધ આયામો જોવા મળે છે, તે રીતે અનેક વિષયોને પણ સ્થાન મળ્યું છે.

III. સાહિત્યિક વિવેચન (Literature Review)

ઈલા નાયક 'સુગંધિત પવન' વિશે લખે છે કે, "આ સંગ્રહની વાર્તાઓમાં માનવમનની સંકુલતાઓનું સૂક્ષ્મ નિરૂપણ થયું છે. આ વાર્તાઓમાં ભાવના અને સ્વપ્નોની રંગીન સૃષ્ટિ નથી કે સમકાલીન સામાજિક-રાજકીય સ્થિતિનું પ્રતિબદ્ધ ચિત્રણ પણ નથી પરંતુ રોજબરોજના જીવનમાં ઘટતી નાની નાની ઘટનાઓનો આધાર લઈ વાર્તાકારે માનવમનના વ્યાપારોને ઊંડી સૂઝબૂઝ સાથે અસરકારક રીતે પ્રગટ કર્યા છે. (નાયક, ઈલા. પરબ, સપ્ટેમ્બર 1999. પૃષ્ઠ - 52)

હીરેન્દ્ર પંડયા 'શ્વેતા પૂજારણ' (પાત્રસંબંધોની સંકુલતા નિરૂપતી વાર્તાઓ) વિશે લખે છે કે, "સરળ અને ચિત્રાત્મક શૈલી, પાત્રોનાં સંકુલ સંવેદનોનું નિરૂપણ, માર્મિક સંવાદો તથા નાટ્યાત્મક પ્રસંગો વડે ઊઘડતી પાત્રની રેખાઓ અને એ દ્વારા માનવસંબંધોનાં વિવિધ રૂપોનું થયેલું નિરૂપણ જેવી બાબતોના લીધે 'શ્વેતા પૂજારણ' સંગ્રહ ધ્યાનપાત્ર બની રહે છે." (પંડયા, હીરેન્દ્ર. 'પાત્રસંબંધોની સંકુલતા નિરૂપતી વાર્તાઓ' , બેહજારચોવીસ સમક્ષ (2024માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ), પૃષ્ઠ - 148)

મણિલાલ હ. પટેલ પણ પ્રવીણસિંહની વાર્તાઓના વિશેષો નોંધે છે કે, "વસ્તુ, સંવેદના અને સંઘર્ષનું આલેખન સહજ રીતે ઊઘડતું ઊકલતું ને વિકસતું અનુભવી શકાય એવી રસાળતા સાથે આ વાર્તાઓનો કથક કથન કરે છે, પરિવેશ રચે છે અને ઘટના-પ્રસંગોમાંથી પાત્રને પસાર થતું બતાવીને માનવનિયતિ ચીંધી આપે છે." (પટેલ, મણિલાલ. પ્રવીણસિંહ ચાવડાનો વાર્તાલોક. પૃષ્ઠ - 06)

કેન્દ્રીય વિચાર (Key Concept)

આ સંશોધન પેપરનો હેતુ પ્રવીણસિંહ ચાવડાની વાર્તાઓમાં આવતી માનવીય લાગણીઓને સમજવાનો છે. 'સુગંધિત પવન' અને 'શ્વેતા પૂજારણ' બંને

વાર્તાસંગ્રહની વાર્તાઓની સરખામણી કરીને બતાવવામાં આવ્યું છે કે શરૂઆતમાં તેમની વાર્તાઓમાં રોજિંદા જીવનની નાની અને સહજ લાગણીઓ દેખાય છે, જ્યારે આગળના સમયમાં એ લાગણીઓ માનવીય સંબંધોની જટિલતા, સ્ત્રી પર થતા અન્યાય અને જીવનના ગંભીર પ્રશ્નો સુધી કેવી રીતે પહોંચે છે.

- વિશ્લેષણ (Analysis)

'સુગંધિત પવન' એ પ્રવીણસિંહ ચાવડાનો પ્રથમ વાર્તાસંગ્રહ છે. લેખનના સંસ્કાર આપનાર તેમના મોટાભાઈ અમરસિંહ ચાવડાને આ સંગ્રહ અર્પણ કરાયેલો છે. કુલ 197 પૃષ્ઠોમાં વિસ્તરેલ આ સંગ્રહમાં એકવીસ વાર્તાઓનો સમાવેશ થયો છે. મોટાભાગે અહીં વાર્તાકથનનું નિયંત્રણ લેખક પાસે રહે છે. ભાવક ધીમે ધીમે વાર્તામાં પ્રવેશ કરે છે અને દૃશ્યો અનુભવવા લાગે છે. વાર્તાઓમાં સંવેદનાને કુશળતાપૂર્વક રજૂ કરવાનું કૌશલ લેખકમાં સ્પષ્ટ જોવા મળે છે.

'જન્મ' વાર્તામાં, લેખકે અમદાવાદની હાઉસિંગ કોલોનીમાં એક રવિવારીય દૃશ્ય ઊભું કર્યું છે. પછી કથાનાયક સનાતનના રવિવારની ખુશહાલ પળોને વર્ણવ્યું છે. સનાતન છાપું વાંચીને બગીચામાંના હીંચકાના છાપરા ઉપર પથરાયેલા નાના, અંગૂઠા જેવડા પક્ષીને જોતો હોય છે. બરાબર એ જ સમયે જિતુભાઈ ત્યાંથી બોલ્યા, "ફૂલસૂંઘણી લાગે છે." (ચાવડા - 'સુગંધિત પવન ' પૃષ્ઠ - 02) થોડી પળોમાં જિતુભાઈ તરફ જઈને સનાતન ગપ્પાં મારે છે, એ જ સમયે જિતુભાઈના ઘરમાંથી તેમની પત્ની અને ચારુનાં મમ્મી બહાર આવે છે. રવિવારની એ હળવી પળો અને પુત્ર અભિજિતની પ્રેમિકાના અન્યત્ર ચાંલ્લાની ઘટના સાથે ટકરાઈ જાય છે. લેખક બંને પરિસ્થિતિને જોડીને તણાવ સર્જે છે. સનાતન અને તેની પત્ની, અભિજિતને આ વાત કેવી રીતે કહે, તેની મૂંઝવણ અનુભવે છે. અંતે બંને, અભિજિતની પથારી પર ઝૂકી, પ્રેમપૂર્વક કહે છે, "ઉઠો, બેટા અભુ." (ચાવડા - 'સુગંધિત પવન' પૃષ્ઠ - 08) આ સાથે વાર્તાનો અંત થાય છે. સાદી દેખાતી આ કથા પાછળની વિધિની વક્રતા અને પતિ-પત્ની-પુત્રના ઉષ્માભર્યા સંબંધો, માનવસંબંધોની જટિલતા અને ચાંલ્લાની ઘટનાની તીવ્રતા પ્રભાવી રીતે રજૂ કરે છે. સનાતન અને ચારુનો સંબંધ, તેમજ સનાતન અને અભિજિતનો સંબંધ, વાર્તામાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. ઓરડાની અવ્યવસ્થાના માહોલ વચ્ચે અભિજિત અને ચારુ વચ્ચે પણ કેટલીક અવ્યવસ્થાઓ સર્જાય છે, જે પાત્રોની લાગણીઓ અને સામાજિક પરિસ્થિતિ વચ્ચેનો તણાવ સ્પષ્ટ કરે છે. વાર્તામાં પરિવારિક, સામાજિક અને વ્યક્તિગત સંબંધો સૌ સાથે ભળી, રવિવારના એક દિવસની ઘટનાઓને જીવંત રીતે રજૂ કરે છે.

'ઓળા' વાર્તામાં જગતો પોતાના પરિવારને જીવતા-જાગતા છોડીને પટેલના ઘરમાં મજૂરી માટે રહે છે. જીવલી કોઈ ફરિયાદ કે કકળાટ વિના ખેતી કરી પુત્ર ધનાને મોટો કરે છે. જગતાના મૃત્યુ પછી, તેને અગ્નિદાહ કોણ આપશે તે પ્રશ્ન ઊભો થાય છે. અંતે ધનો બાપને અગ્નિદાહ આપે છે અને ક્રિયાપાણી કરીને આખી નાત જમાડે છે. આખી કથા પતિ-પત્ની વચ્ચેના અબોલ સંબંધો અને પતિના મૃત્યુ પછી જીવલીમાં ઊભરતી લાગણીઓની માનવમનની વિશિષ્ટતા દર્શાવે છે. કથામાં ઘટનાનો સમય બારથી તેર દિવસનો દર્શાવવામાં આવ્યો છે, પરંતુ મુખ્ય ઘટના માત્ર એક જ દિવસની ઘટનાઓ પર કેન્દ્રિત છે. આ એક જ દિવસની ઘટનાઓમાં પાત્રોની લાગણીઓ, પરિવર્તનો અને સંવેદનાઓને કડક રીતે પ્રગટાવવામાં

 ISSN: 2349-6002

આવ્યાં છે. આ વાર્તા તિરસ્કૃત પિતા, મૌન પીડા, સામાજિક આબરૂ અને અંતરંગ માનવતા જેવા સંવેદનોને અત્યંત ગંભીર અને ઊંડા સ્તરે રજૂ કરે છે. ધનાનો બાપ જીવતો હોવા છતાં સમાજ માટે મરેલો માણસ હતો. છેલ્લે ધનો પોતાના પુત્રને ખોળામાં લઈને કપાળે બચી કરે છે. જે પેઢી દર પેઢી વહેતી માનવીય લાગણી, માફી અને સ્વીકારનું પ્રતીક બને છે.

'એનો રાજમહેલ' માં શંકર એક સાત વર્ષનો છોકરો છે, જે પોતાના પિતાની આંગળી પકડીને દરેક જગ્યાએ જવાનું પસંદ કરે છે. પિતા અને બાળક વચ્ચેનો નજીકનો સંબંધ અને પિતાની છોકરા સાથેની મીઠી વાતચીત કથામાં દર્શાવવામાં આવી છે. એક દિવસ પિતા સાથે ગાડીમાં મુસાફરી કરતાં, શંકર શહેરમાં આવેલા રાજમહેલને જોઈને મંત્રમુગ્ધ થાય છે. છોકરાઓ સાથે રમતા શંકર તેમને મહેલના મજેદાર અને રસપ્રદ દૃશ્યો બતાવે છે. મહેલ શંકર માટે માત્ર ઈમારત ન રહી, તે તેના પિતાની યાદ અને ગર્વ સાથે જોડાયેલો છે. શંકર માટે પોતાના પિતાની નોકરી અને મહેનતના કારણે મહેલ તેનું પોતાનું અસ્તિત્વ બની રહે છે. મેળામાં જઈને, છોકરા મહેલને જોઈને હર્ષિત થાય છે, અને શંકર પોતાની હિંમત બતાવીને જણાવે છે કે મહેલ તેમના પિતાનો છે. અંતે, શંકર મોટી ઉંમરમાં પિતાની સાથે જોડાયેલ મૂલ્યો, શિખામણ અને નેકીની કદર સાથે પોતાની નોકરી શરૂ કરે છે. મહેલ શંકર માટે બાળપણના પ્રેમ, ગર્વ અને પિતાનાં સ્મરણોનું પ્રતીક બની રહે છે. વાર્તામાં બાળમાનસની નિર્દોષતા, પિતા-પુત્રનો ભાવનાત્મક સંબંધ અને માનવીય ગૌરવ સુંદર રીતે વ્યક્ત થાય છે.

'ગંગાનો વર' વાર્તામાં ગંગાના પતિ કૃષ્ણકાન્તના અસાધારણ સ્વભાવને વાર્તાકારે નિરાંતે દર્શાવ્યો છે. કૃષ્ણકાન્ત દારૂ પીતો, જુગાર રમતો, ચોપડીઓ વાંચતો અને લાંબા સમય સુધી ઘરમાંથી ગાયબ રહેતો. તે બેજવાબદાર પતિ હોવા છતાં ગંગા માટે ખૂબ પ્રેમાળ હતો. દસેક વર્ષ સુધી ગાયબ રહેલો કૃષ્ણકાન્ત ગંગાની માંદગી વખતે અચાનક પ્રગટ થાય છે અને ગંગાની જીવન સ્થિતિમાં સહજ સુધારો અને સંતુલન લાવે છે. લેખકે વાર્તા કહેવાની રસપ્રદ ટેકનિક અપનાવી છે, જેમાં પાત્રોની આંતરિક લાગણીઓ, મૌન વ્યક્તિત્વ અને પાત્રોના ઘરના રોજિંદા સંવેદનોને નાજુક રીતે રજૂ કરવામાં આવ્યું છે. ગંગાનું મૌનપરક, સ્થિર અને નિર્ભય વ્યક્તિત્વ અને સ્વાધીન-સ્વચ્છંદી કૃષ્ણકાંત વચ્ચેનું સંતુલન કથાને ગહનતા અને રસપ્રદતા આપે છે.

'કૂચડો' વાર્તા ભગીરથ અને લોપા વચ્ચેની ગાઢ, નિ:સ્વાર્થ મિત્રતાને કેન્દ્રમાં રાખે છે. બાળપણથી જોડાયેલા બંને વચ્ચે ભાવનાત્મક નજીકતા છે. લાગણીશીલ અને માનસિક ઉથલપાથલ અનુભવતી લોપા માટે ભગીરથ સહારો બની રહે છે. લોપા ભગીરથ પર અંધ વિશ્વાસ રાખે છે, પરંતુ તેમનો સંબંધ મૈત્રીની સીમામાં જ રહે છે. અંતે ખુલાસો થાય છે કે લોપા બીજા યુવક (સુધાંશુ) સાથે લગ્ન કરવા જઈ રહી છે અને ભગીરથને માત્ર પોતાના સાચા મિત્ર તરીકે, પોતાના મનને સમજાવનાર વ્યક્તિ તરીકે જ જોઈ રહી છે. લોપાના પાત્ર દ્વારા એકાંત, અસ્તિત્વની વ્યથા અને 'સમજાઈ જવાની' તરસ વ્યક્ત થાય છે, જ્યારે ભગીરથ નિ:સ્વાર્થ મિત્રતાનું પ્રતિક બને છે. આ કથા મૈત્રી અને પ્રેમ વચ્ચેની નાજુક રેખા તથા માનવમનની ગૂંચવણોને સંવેદનાત્મક રીતે રજૂ કરે છે, અને વાચકને મૌન ભાવુકતામાં લઈ જાય છે.

'ચાર બિલાડીઓ' ની નાયિકા આરતી પણ સામાન્ય યુવતીઓથી જુદી છે; અનેક વ્યક્તિત્વ ધરાવતી આરતીનું વર્તન અસામાન્ય છે. ઉચ્ચ શિક્ષિત, એકલી અને આંતરિક રીતે તણાવગ્રસ્ત સ્ત્રી આરતીની કથા છે. મમ્મી-પપ્પાની ગેરહાજરીમાં તે ઘરમાં એકલી બેઠી છે. પડોશીની છોકરી શીલા તેના ઘરે વારંવાર આવે છે. બંને વચ્ચે રમૂજ, વિસ્મય અને ઍબ્સર્ડ સંવાદો ચાલે છે. ખાસ કરીને ફોન પર આવતા રોંગ નંબર, બનાવટી અવાજો, મૃત્યુની મજાક, ઓળખ બદલવાની રમત વગેરે. આરતીનું વર્તન ધીમે ધીમે અસામાન્ય બનતું જાય છે. બિલાડી અને તેના બચ્ચાં આવતાં આરતીની આંતરિક લાગણીઓ ખુલ્લી પડે છે; તે બિલાડી સાથે માતૃત્વ, કરુણા અને લગાવ અનુભવે છે, તો બીજી તરફ સમાજની નિષ્ઠુરતા (બચ્ચાં ફેંકી દેવાની વાત) સામે ભય અને ગુસ્સો અનુભવે છે. અંતે, શીલા ઘર છોડીને જાય છે. બહારથી બધું સામાન્ય દેખાય છે. આરતી ઘરગથ્થુ કામ કરે છે, ઉપરના ઓરડામાં જાય છે. but અંતિમ દ્રશ્યમાં તે ખાલી દીવાલ સામે નિઃશબ્દ રડતી દેખાય છે. અહીંથી સ્પષ્ટ થાય છે કે આખી વાર્તા આરતીની આંતરિક એકલતા અને માનસિક સંઘર્ષની કથા છે. "હું હું નથી, મારી બહેન છું" (ચાવડા - 'સુગંધિત પવન ' પૃષ્ઠ - 64) જેવાં વાક્યો આરતીની તૂટતી ઓળખ દર્શાવે છે. તે પોતાને જ પૂરેપૂરી સમજી શકી નથી; જેને કારણે આ વાર્તા માનવીય સંવેદન અને આધુનિક જીવનની માનસિક ગૂંચવણ સાથે જોડાય છે.

'પંખી અને આકાશ' વાર્તામાં પ્રાચી અને ચૈતન્યની મિત્રતા એક અચાનક સંયોગથી શરૂ થાય છે. પ્રકૃતિ અને જીવનને જુદી નજરે જોતા ચૈતન્ય તરફ પ્રાચી આકર્ષાય છે અને તેની સાથે મુસાફરી કરે છે. તેમનો સંબંધ પરંપરાગત નથી; તેમાં અણકહેલું આકર્ષણ, લાગણીની અસ્પષ્ટતા અને આંતરિક એકલતાનો અનુભવ છે. શહેરી જીવન વચ્ચે પ્રાચીની એકલતા ચૈતન્ય સાથેની મુલાકાતે ક્ષણિક અર્થ પામે છે. ચૈતન્યનું સ્વચ્છંદ, પંખી જેવું વ્યક્તિત્વ અને આકાશ જેવી વિશાળ દૃષ્ટિ પ્રાચીને આકર્ષે છે, કારણ કે તેમાં સ્વતંત્રતાનો સંકેત છે. લગભગ એક મહિના પછી, એ જ ચૈતન્ય એક અનામી શહેરની બહાર રસ્તાની કિનારે ઊભો રહી આકાશ તરફ નિઃશબ્દ નજર ઉંચી કરીને જોતો દેખાય છે. અંતે તે પોતે પણ એકલતા અને આંતરિક શૂન્યતામાં ઊભેલો દેખાય છે.

'સુગંધિત પવન' વાર્તામાં શ્રુતિ અને તેના મિત્ર વચ્ચે થતી એક સંવેદનશીલ મુલાકાતનું ચિત્રણ છે. ઘરના નિર્વાત વાતાવરણમાં બંને વચ્ચે ચાલતી વાતચીત ધીમે ધીમે દૈનિક સંવાદમાંથી જીવન, પ્રેમ, સંબંધો અને વિયોગની ગહન ચર્ચામાં ફેરવાય છે. વાતચીત દરમિયાન પ્રેમને ફૂલની જેમ ખીલવાની, સુગંધ ફેલાવવાની અને અંતે ઉડી જવાની કલ્પના ઉપસ્થિત થાય છે. આ વચ્ચે શ્રુતિ પોતાની સગાઈ અંગેનું સત્ય બહાર લાવે છે, જે વાર્તાને એક નવી ભાવનાત્મક ઊંચાઈ આપે છે. બહાર વહેતો 'સુગંધિત પવન' તેમની આંતરિક લાગણીઓનું પ્રતીક બની જાય છે, જે અચાનક આવે છે, મનને સ્પર્શે છે અને અસ્થીરતા છોડી જાય છે. પુરુષ પાત્રો જીવનને સૌંદર્ય, કલાદૃષ્ટિ અને અનુભૂતિની નજરે જુએ છે, જ્યારે શ્રુતિ તેના શબ્દોમાં પોતાના મનની અણકહેલી પીડા અને આશા શોધે છે. 'સુગંધિત પવન' અહીં માનવીય લાગણીઓનું પ્રતીક બની જાય છે. જે સમજાય તો છે, પણ પકડાતી નથી અને અનુભવાય છે તો, સ્થિર રહેતી નથી.

'પારેવડાં' વાર્તામાં શાળાના આચાર્ય રશ્મિકાંત દેસાઈના પાત્ર દ્વારા શિક્ષણજગતમાં છુપાયેલા શોષણને

 ISSN: 2349-6002

સંકેતાત્મક રીતે ઉજાગર કરે છે. આચાર્ય દેખાવમાં નિયમપ્રિય, શિસ્તબદ્ધ અને કાર્યક્ષમ લાગે છે, પરંતુ તેની નજર, શબ્દો અને વર્તનમાં નબળું ચારિત્ર્ય પ્રગટ થતું જાય છે. શિક્ષિકાઓ સાથેની તેની અશ્લીલ સંકેતસભર વાતચીત અને અધિકારના દબાણથી કરાતું માનસિક શોષણ વાર્તાનું કેન્દ્ર છે. કબૂતર જેવી ભોળી શિક્ષિકા રંજનબેન આ પરિસ્થિતિમાં ફસાય છે; એક તરફ નોકરી ગુમાવવાનો ભય અને બીજી તરફ આત્મસન્માનની રક્ષા. આવા અનેક દ્વંદ્વો વચ્ચે તે બુદ્ધિપૂર્વક માર્ગ શોધે છે. અંતે, રંજનબેનની ચતુર યુક્તિથી આચાર્યના અશુદ્ધ ઇરાદા નિષ્ફળ જાય છે અને તેના શોષણના સ્વપ્નો 'પારેવડાં' ની જેમ ઊડી જાય છે. ભય, સંકોચ, અસહાયતા અને આત્મરક્ષા જેવી માનવીય લાગણીઓ સૂક્ષ્મ રીતે વ્યક્ત થાય છે. રંજનબેનની અંદરની ગભરાટ, અપમાનની લાગણી અને નોકરી બચાવવાની મજબૂરી વાચકને સ્પર્શે છે. બીજી બાજુ, સત્તા ધરાવનાર પુરુષના દંભ, લાલસા અને નૈતિક પતનનું નિર્દય ચિત્રણ થાય છે. વાર્તા સ્ત્રીના મૌન સહન અને બુદ્ધિશીલ પ્રતિકાર બંનેને રજૂ કરે છે. અંતે, સ્વાભિમાન, આત્મસંરક્ષણ અને ન્યાયની ભાવના માનવીય સંવેદનાનો મુખ્ય આધાર બની વાર્તાને તીવ્ર અર્થ આપે છે.

'ફોક' વાર્તાના અંતે બહાર નીકળતો કુંદનલાલ એકલો ચાલે છે અને અચાનક વિચારોમાં ખોવાઈ જાય છે. આ ક્ષણ વિશેષ અર્થસભર બની રહે છે. "એમ કંઈ આવા સંબંધો ફોક થતા હશે !" (ચાવડા - 'સુગંધિત પવન' પૃષ્ઠ - 23) બહારથી ગમ્મતભરી વાતચીત લાગતી આ વાર્તા અંદરથી અધૂરી રહી ગયેલી લાગણીની કથા છે. આ વાર્તા અંગે ક્યારેક તેને નબળી ગણાવતી ચર્ચા જોવા મળે છે; પરંતુ તેને હું નબળી નહીં ગણાવું. કારણ કે, "એમ કંઈ આવા સંબંધો ફોક થતા હશે !" આ એક વાક્ય જ આખી વાર્તાને અર્થ આપે છે.

'ઓળા' વાર્તાની જીવલી અને ધનો હોય કે 'ગંગાનો વર ' વાર્તાનો કૃષ્ણકાન્ત, 'કુચડો' વાર્તાની લોપા, 'ચાર બિલાડીઓ' ની આરતી, 'ચાખડીએ ચડીને' વાર્તાની નાયિકા નંદિતા, 'પંખી અને આકાશ' વાર્તાનો નાયક ચૈતન્ય, 'પારેવડાં' ની રંજન અને રશ્મિકાંત 'ચાકરી' વાર્તાની ઉગમ કે મિહિર, 'દાહ' વાર્તાની આશુ અને સુમન, 'ભૂત' વાર્તાનો પ્રકાશચંદ્ર કે 'મીરાણી' વાર્તાની એકલતામાં જીવતી મીરાણી – આ બધા પાત્રો પોતાની અંદર માનવીય ભાવનાઓના અનેક રંગો ધરાવતા, સ્વભાવથી વિલક્ષણ અને સંવેદનશીલ વ્યક્તિત્વના પ્રતિનિધિ રૂપે ઊભરાય છે. આ વાર્તાઓ માનવીય સંવેદના કોઈ એક ક્ષણમાં બંધાઈ જતી નથી; તે રોજિંદા જીવનની સામાન્ય લાગતી ઘટનાઓમાં ધીમે ધીમે આકાર લે છે. આ સંવેદના કોઈ ઉગ્ર વિસ્ફોટ રૂપે નહીં પણ અણકહેલા શબ્દો અને આંતરિક અનુભૂતિઓના સૂક્ષ્મ પરિમાણોમાં પ્રગટ થાય છે.

આ વાર્તાસંગ્રહમાં પ્રવીણસિંહ ચાવડાની સંવેદનાત્મક દૃષ્ટિ અને રોજિંદા જીવનમાંથી ઉદ્ભવતી માનવીય લાગણીઓનું નિરૂપણ જોવા મળે છે. હવે લેખકની એ જ સંવેદનાત્મક પરંપરા આગળ કેવી રીતે વિકસે છે અને માનવસંબંધોની વધુ સંકુલ અભિવ્યક્તિ કયા સ્વરૂપે પ્રગટે છે, તે સમજવા માટે 'શ્વેતા પૂજારણ' વાર્તાસંગ્રહની ચર્ચા કરવી જરૂરી બને છે.

'શ્વેતા પૂજારણ' એ પ્રવીણસિંહ ચાવડાનો 2024માં પ્રગટ થયેલો પાત્રસંબંધોની સંકુલતા નિરૂપતો બારમો વાર્તાસંગ્રહ છે. જે પુત્ર જયદીપસિંહને અર્પણ કરેલો છે.

 ISSN: 2349-6002

કુલ 224 પૃષ્ઠોમાં વિસ્તરેલ આ સંગ્રહમાં સોળ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહની વાર્તાઓમાં સર્જકે માનવસંબંધોના વિવિધ અને જટિલ સ્વરૂપોને સંવેદનશીલ રીતે રજૂ કર્યા છે.

'પડોશણ' વાર્તા નાનાં નાનાં ખંડોમાં વહેંચાયેલી છે. સરકારી નોકરીના કારણે વારંવાર બદલી પામતો કથક નવી જગ્યાએ રહેવા આવે છે. તેની પત્ની અને નોકર ભીમજીભાઈ પાડોશમાં રહેતી એક ડૉક્ટરપત્ની વિશે વારંવાર રસપ્રદ માહિતી આપે છે, જેના આધારે કથક તેના મનમાં પડોશણનું કલ્પિત ચિત્ર ઘડે છે. પત્ની સાથેના સંવાદો અને કથકની આંતરિક સ્વગતોક્તિઓ વાર્તામાં નર્મમર્મ હાસ્ય પેદા કરે છે. વાર્તાનો વળાંક ત્યારે આવે છે, જ્યારે કથકને પ્રથમવાર તે પડોશણની ઝલક મળે છે. પતિના ત્રાસ વચ્ચે પણ આંતરિક સ્વતંત્રતા જાળવનારી સ્ત્રીનું ચિત્ર અહીં ઊભું થાય છે. પડોશણનું નામ કે સંવાદ ન હોવું અને વાર્તાનો ખુલ્લો અંત - આ બંને તત્વો વાર્તાને વધુ સંકેતસભર અને અર્થસભર બનાવે છે.

'શુભ્રમાં તરતું શ્વેત' માં પણ 'હું' નું કથનકેન્દ્ર છે. વાર્તા એક સરકારી કચેરીમાં કામ કરતા પુરુષ વર્ણનકાર અને ત્યાં હંગામી (ટેમ્પરરી) તરીકે જોડાયેલી એક યુવાન સ્ત્રી વચ્ચેના નાજુક, અસ્થીર અને અસ્પષ્ટ સંબંધની છે. શરૂઆતમાં બંને વચ્ચે મૌન, પછી સહજ વાતચીત, બસ-સ્ટોપ સુધીનો સંગાથ, નદીકાંઠે બેસવાની ક્ષણો અને જીવન-સપનાંઓની વહેંચણી થાય છે.પુરુષ તેને સમજવા પ્રયત્ન કરે છે, શ્રોતા બને છે, ધીમે ધીમે લાગણીનુ જોડાણ થાય છે. એક રાત્રિના સંવાદમાં તે "શુભ્ર ચાંદનીમાં ઉડતા શ્વેત હંસો" (ચાવડા - 'શ્વેતા પૂજારણ' પૃષ્ઠ - 53) નું રૂપક આપે છે. સૌ સાથે હોવા છતાં એક હંસિની કતારમાંથી અલગ અને એકલી છે. આ દૃશ્ય તેમના સંબંધની ચરમસીમા બની જાય છે. આ પછી સ્ત્રી અચાનક કચેરીમાંથી રાજીનામું આપી ચાલી જાય છે. કોઈ સ્પષ્ટ કારણ નથી, કોઈ વિદાય નથી. પુરુષ પાછળ રહી જાય છે પોતાના પ્રશ્નો સાથે. નાયક અને યુવતી વચ્ચેના સંવાદો ક્રમાનુસાર નહીં પરંતુ સ્મૃતિ, સ્વપ્ન અને કલ્પનાના સ્તરે આગળ વધે છે. શરૂઆતથી જ વાચકને આ સંબંધનો અંત વિયોગમાં પરિણમવાનો હશે એવા સંકેત મળે છે. નદીકાંઠે બેઠેલા બંને પાત્રો વચ્ચે ઝઘડો હોવા છતાં "પેલું જોયું?" (ચાવડા - 'શ્વેતા પૂજારણ' પૃષ્ઠ - 45) જેવા પ્રશ્નથી સંવાદ સૌંદર્ય તરફ વળી જાય છે. અહીં માનવીય સંવેદના વેદનાને દબાવી સૌંદર્યમાં શરણ લે છે. એ જ રીતે, સ્ત્રી પાત્રનું અચાનક વિષય બદલવું (નદી, સ્ટેશનનો નકશાવાળો વૃદ્ધ, રેડિયોના ગીત) તેના આંતરિક ઘાવોથી બચવાની માનસિક યુક્તિ તરીકે પ્રગટે છે. "થાંભલા બંધાયેલા, તણખલું મુક્ત" (ચાવડા -'શ્વેતા પૂજારણ' પૃષ્ઠ - 54) વાકયમાં આ માનવીય સંવેદનાત્મક તફાવત સ્પષ્ટ થાય છે.

'દટાયેલી મૂર્તિઓ' અને 'ફોટોગ્રાફીની કળા' જેવી વાર્તાઓમાં ભૂતકાળના ઉદાત્ત પ્રેમપ્રસંગો અને સમાજની પંચાતી વૃત્તિનું ચિત્રણ જોવા મળે છે.

'દટાયેલી મૂર્તિઓ' આ કથા પરિમલ નામના સંશોધકના અનુભવની છે, જે સોલંકી વંશના ઇતિહાસ પર પીએચ.ડી. કરી રહ્યો છે. માર્ગદર્શક સુદર્શનભાઈ તેને શીખવે છે કે ઇતિહાસ માત્ર પુસ્તકોમાં નહીં, પરંતુ ગામડાંમાં, અવશેષોમાં, દટાયેલી મૂર્તિઓમાં અને લોકોની સ્મૃતિઓમાં જીવંત છે. આ દરમિયાન એક આડકથા રૂપે મૃગાવતીબહેન પટવારી નામની સ્ત્રીની ચર્ચા ઊભી થાય છે. એક શિક્ષિકા, જે એકલી રહેતી હતી અને જેને સમાજે શંકા અને અફવાઓના ઘેરામાં મૂકી દીધી હતી.

સુદર્શનભાઈ અને તેમની પત્ની ગીતાબહેનની વાતોમાંથી પરિમલને મૃગાવતીબહેન વિશે કર્ણોપકર્ણ કથાઓ સાંભળવા મળે છે. સત્ય શોધવાની સંશોધકવૃત્તિથી પરિમલ પોતાના વતનમાં તપાસ કરે છે અને પોતાની ઓળખીતી હેમુ (હેમાંગી) સાથે સંપર્ક સાધે છે, જે મૃગાવતીબહેનની વિદ્યાર્થિની રહી ચૂકી હતી. હેમુના વર્ણનથી મૃગાવતીબહેનનું ગૌરવપૂર્ણ, સંયમી, સન્માનિત શિક્ષિકા તરીકે એક અલગ જ ચિત્ર સામે આવે છે. તેમનો દીક્ષિતજી નામના પુરુષ સાથે ખુલ્લો અને સૌજન્યસભર સંબંધ હતો, જેમાં કોઈ છલ કે અશ્લીલતા નહોતી. છતાં સમાજે તેમને “ચરિત્રહીન” ગણાવી, દીક્ષિતજીના અવસાન પછી જાહેર અપમાન કર્યું અને અંતે નોકરીમાંથી કાઢી મૂક્યા. અંતે પરિમલને અહેસાસ થાય છે કે જેમ જમીનમાં દટાયેલી મૂર્તિઓને બહાર કાઢવાની જરૂર છે, તેમ સમાજે દબાવી દીધેલી સ્ત્રીઓની કહાણીઓ પણ પ્રકાશમાં લાવવાની જરૂર છે. હેમાંગિનીનું પાત્ર સ્ત્રીના એકલતા, અપમાન અને સંવેદનશીલતાને પ્રગટ કરે છે. તેની ઉક્તિઓ માનવીય કરુણાની ઊંડાઈને સ્પર્શે છે. મને લાગે છે કે અંતે આ કથા વાચકને પ્રશ્ન કરી રહી છે કે, “તમે કઈ મૂર્તિ ખોદી રહ્યા છો…! પથ્થરની કે માનવીની ?”
‘ફોટોગ્રાફીની કળા’ માં ગૌણ પાત્રો દ્વારા મુખ્ય પાત્રના પ્રેમસંબંધને વધુ ઊંચાઈ મળે છે. અંતે હીરપરાના અચાનક મૃત્યુ પછી તેની પ્રેમિકાની મૌન વેદના અને ગુણવંતનો સંયમિત નિર્ણય માનવીય ગૌરવનું પ્રતીક બને છે.

‘હિસાબનું છેલ્લું પાનું’ કથાનો નાયક સ્વાભિમાની અને શાંતિપ્રિય શિક્ષક છે. એક રવિવારે બૅન્ક મેનેજર અને વકીલ ઘરમાં આવી લોન તથા જપ્તીની ધમકી આપે છે, ત્યારે તેને વર્ષો પહેલાં મિત્ર હરિભાઈ માટે ગેરન્ટર બન્યાની ભૂલ યાદ આવે છે. શિક્ષક પોતાની જવાબદારી સ્વીકારી દેવું ચૂકવવા તૈયાર થાય છે, જેના કારણે અધિકારીઓનું વલણ નરમ પડે છે. અંતે હરિભાઈ આવી દેવું ચૂકવાઈ ગયાનું સ્પષ્ટ કરે છે. ઘટનાથી શિક્ષકને આત્મમંથન થાય છે. પોતાની ઉગ્રતા અને ખાસ કરીને પુસ્તકો જોતી નિર્દોષ વિદ્યાર્થિની સાથેના કઠોર વર્તનનો ખેદ થાય છે. તે નક્કી કરે છે કે ભૂલનું પ્રાયશ્ચિત કરવું જોઈએ તેથી બે પુસ્તકો તૈયાર કરીને તેને મોકલવાનો વિચાર કરે છે. અને લખે છે કે, “જેનો અધિકાર છે તેને મલે.” (ચાવડા - ‘શ્વેતા પૂજારણ’ પૃષ્ઠ - 197) કથાના અંતે સ્પષ્ટ થાય છે કે અહીં હિસાબ પૈસાનો નહીં, પરંતુ અંતરની જવાબદારીનો છે.

ચાર ખંડમાં વિસ્તરેલી ‘શ્વેતા પૂજારણ’ વાર્તા સમાજ દ્વારા હીન ગણાતી સ્ત્રીના આંતરિક સત્ત્વને રજૂ કરે છે. આ વાર્તામાં અચાનક મહેમાન બનેલો વાર્તાકાર બાબુલાલના ઘેર પહોંચે છે. બહારથી ધાર્મિક અને દાનવીર દેખાતો બાબુલાલ અંદરથી સ્વાર્થ, ક્રૂરતા અને સ્ત્રીદમનનું પ્રતીક છે. તેની સાથે રહેતી શ્વેતા બહારથી પૂજારણ, શુદ્ધ અને સંયમી લાગે છે, પરંતુ અંદરથી તે દુઃખ, શોષણ અને તૂટેલા અસ્તિત્વની જીવંત મૂર્તિ છે. બાળવયે લગ્ન, વેચાણ, વિધવાપણું અને પછી બાબુલાલ સાથેનો બળજબરીભર્યો સંબંધ, આ બધાએ તેને અંદરથી વેરવિખેર કરી દીધી હતી. રાત્રે તે નશા, નૃત્ય અને મોજમસ્તીમાં લપટાયેલી દેખાય છે, જ્યારે સવારે ફરી શ્વેતવસ્ત્રોમાં પૂજારણ બની જાય છે. આ દ્વંદ્વ તેની મજબૂરી અને જીવતા રહેવાની લડતનું ચિત્ર છે. બાબુલાલ પોતાની પત્ની, પ્રેમિકા અને ‘દાનધર્મ’ દ્વારા પોતાને નિર્દોષ સાબિત કરવાનો પ્રયત્ન કરે છે, પણ વાસ્તવમાં તે અન્યાયનો મુખ્ય સૂત્રધાર છે. સવારે શ્વેતા ચા આપીને

વાર્તાકારને વિદાય કરે છે અને આરતી માટે મંદિરે જાય છે. વાર્તાકારના મનમાં પ્રશ્ન ઊભો રહે છે કે, “આ સ્ત્રીનું સાચું મંદિર ક્યાં છે? તેની પૂજાનો અર્થ શું છે?” (ચાવડા, ‘શ્વેતા પૂજારણ’ પૃષ્ઠ - 211) આમ, આ કથા સમાજની દ્વિમુખી નૈતિકતા, સ્ત્રીના શોષણની ગહન અનુભૂતિ કરાવે છે. બાબુલાલની શોષક વૃત્તિ અને ભવિષ્ય પ્રત્યેની અનિશ્ચિતતા વાર્તાને કરુણ અને વિચારપ્રેરક બનાવે છે.

‘વિદૂષક આટલું હસે છે કેમ?’માં નાયક અને તેના મિત્ર પૃથ્વીસિંહ (પિથુ) વચ્ચેના ભૂતકાળના સંબંધોની ઝાંખી મળે છે. જોકે અતિશય ભાવુક અને મેલોડ્રામેટિક નિરૂપણના કારણે વાર્તા થોડી શિથિલ બની ગઈ છે. કથકની દૃષ્ટિ અને રચનાત્મક પસંદગી અહીં મર્યાદા રૂપે ઉભરી આવે છે. બાર ખંડોમાં વિસ્તરેલી રચના હોવા છતાં વાર્તાનો આંતરિક તણાવ સતત જળવાતો નથી. કેટલીક જગ્યાએ પુનરાવર્તન અને ખેંચાણ અનુભવાય છે. નાયક અને પૃથ્વીસિંહ વચ્ચેનો ભૂતકાળ ભાવનાત્મક રીતે શક્તિશાળી છે, પરંતુ તેને રજૂ કરવાની રીત વધુ સંતુલિત અને સંકેતસભર બની શકી હોત પણ અહીં કથક ભાવનાઓમાં તણાય જાય છે.


આ સંગ્રહની વાર્તાઓ પાત્રોની આંતરિક અનુભૂતિ અને માનવસંબંધોની જટિલતા પર કેન્દ્રિત છે. ‘ઉપપિતા’ માં પિતૃત્વની લાગણી, ‘કોઈનું કંઈ ખોવાય છે?’માં ભૂતકાળ અને અસ્તિત્વના પ્રશ્નો, ‘વિદૂષક આટલું હસે છે કેમ?’માં સત્તા અને મિત્રતાનો વિરોધાભાસ, ‘તમને શેની પ્રતીક્ષા છે?’માં આશા-એકલતાનો સંઘર્ષ, ‘સંબંધોનો વહીવટ’ માં સંબંધોની ગૂંચવણ અને ‘પડોશણ’ તથા ‘શુભ્રમાં તરતું શ્વેત’ માં સ્પર્શવિહિન પરંતુ વેદનાસભર લાગણી રજૂ થાય છે. આ તમામ વાર્તાઓ માનવસંબંધોની નાજુકતા અને આંતરિક તણાવને ઉજાગર કરે છે.

બંને સંગ્રહોમાં કેટલીક વાર્તાઓ વિષયથી અલગ દેખાય છે, છતાં અંદરની સંવેદના એક જ દિશામાં વહે છે. ‘પંખી અને આકાશ’ અને ‘સુગંધિત પવન’ માં પાત્રો વચ્ચેનો સંબંધ કોઈ ચોક્કસ નામમાં બંધાતો નથી. એવું લાગે છે કે સંબંધ છે, પણ પકડમાં આવતો નથી. એવી જ અસ્પષ્ટ અને હળવી સંવેદના ‘પડોશણ’ અને ‘શુભ્રમાં તરતું શ્વેત ’ માં પણ અનુભવી શકાય છે. એ જ રીતે, ભૂતકાળ અને સ્મૃતિઓ આ બંને સંગ્રહોની મહત્ત્વની ધરી છે. ‘દટાયેલી મૂર્તિઓ’ અને ‘ફોટોગ્રાફીની કળા’ માં ભૂતકાળ ભૂલાતો નથી; તે વર્તમાનને સતત સ્પર્શતો રહે છે. આવી જ ભાવના ‘કોઈનું કંઈ ખોવાય છે?’ અને ‘વિદૂષક આટલું હસે છે કેમ?’માં જોવા મળે છે, જ્યાં જૂના સંબંધો અને અધૂરા વિયોગો ફરી મનમાં જીવંત બની જાય છે.

 ISSN: 2349-6002

### નિષ્કર્ષ (Conclusion)

આ બંને સંગ્રહોમાંથી પસાર થતા જે સંવેદનો અનુભવાય છે એ સંવેદનાત્મક પ્રક્રિયાને નીચે દર્શાવેલા ક્રમમાં સરળ રીતે સમજી શકાય છે :-




આ અભ્યાસ પરથી કહી શકાય કે પ્રવીણસિંહ ચાવડાની વાર્તાઓ માનવીય લાગણીઓ અને આંતરિક અનુભવોને અત્યંત સંવેદનશીલ રીતે રજૂ કરે છે. 'સુગંધિત પવન' થી 'શ્વેતા પૂજારણ' સુધી તેમની વાર્તાઓમાં રોજિંદા જીવનથી માંડીને સ્ત્રી-પુરુષ સંબંધો, શોષણ અને અસ્તિત્વની પીડા જેવા ગંભીર વિષયોથી માનવીના મનની નાજુક લાગણીઓ સ્પષ્ટ થાય છે. વિષય અને રજૂઆતમાં ફેરફાર હોવાં છતાં માનવીય સંવેદના સતત

કેન્દ્રમાં રહે છે; તેથી તેમનું વાર્તાસર્જન અનુઆધુનિક ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વપૂર્ણ ગણાય છે.

~ સંદર્ભગ્રંથો (REFERENCES)

[1] ચાવડા, પ્રવીણસિંહ. સુગંધિત પવન. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. 1998

[2] ચાવડા, પ્રવીણસિંહ. શ્વેતા પૂજારણ. ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ. 2024

[3] નાયક, ઈલા. ‘સરળતા અને સંદિગ્ધતાના સમન્વયની કથાઓ’ , પરબ, સપ્ટેમ્બર ૧૯૯૯. પૃષ્ઠ.52- 53

[4] પંડયા, હીરેન્દ્ર. ‘પાત્રસંબંધોની સંકુલતા નિરૂપતી વાર્તાઓ’ , બેહજારચોવીસ સમક્ષ (2024માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ), સંપાદન - રમણ સોની, ગુજરાતી સાહિત્ય પરિષદ, ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ. પૃ. 145 - 148)

[5] ત્રિવેદી, હર્ષદ. ટૂંકીવાર્તા અને હું (વાર્તાકારોની કેફિયત). ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર. 2010. પૃ. 148 - 151

[6] શુક્લ, નરેશ. અનુઆધુનિક ગુજરાતી વાર્તાસંપદા શ્રેણી પ્રવીણસિંહ ચાવડાની વાર્તાઓ. પ્રકલ્પ સંયોજક : મણિલાલ હ. પટેલ, એકત્ર ફાઉન્ડેશન (USA), (ડિજિટલ પ્રકાશન), https://wiki.ekatrafoundation.org/wiki/%E0%AA%AA%E0%AB%8D%E0%AA%B0%E0%AA%B5%E0%AB%80%E0%AA%A3%E0%AA%B8%E0%AA%BF%E0%AA%82%E0%AA%B9_%E0%AA%9A%E0%AA%BE%E0%AA%B5%E0%AA%A1%E0%AA%BE

[7] વીજળીવાળા, શરીફા. શતરૂપા. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ. પુનમુદ્રણ:એપ્રિલ 2009. પૃ. 30

[8] ભટ્ટ, આરાધના. સુરીલા સંવાદ-3. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગાંધીનગર. 2020. પૃ. 113 - 137

[9] કથાભાવન શ્રેણી : પુસ્તક 4. ચૂંટેલી વાર્તાઓ પ્રવીણસિંહ ચાવડા. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગાંધીનગર. 2019

[10] પટેલ, મણિલાલ. પ્રવીણસિંહ ચાવડાનો વાર્તાલોક. ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદ. 2020

[11] ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ : 8 (ખંડ : 2) [1936થી1950] સ્વાતંત્ર્યોતર યુગ – 2. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ. પ્ર.આ.,નવેમ્બર 2018. પૃ. 145 - 151